ઘણો જરૂરી / કોમ્પ્યુટરાઈઝેશન
ક્રમાંક : ઈજર/વહટ/ફોટો/૧૧(૧)/૦૬/૯૨૮૩ - ૯૩૮૨

નોંધણી સર નિરીક્ષકશ્રીની કચેરી,
"સ્ટેમ્પ અને નોંધણી ભવન",
સેક્ટર – ૧૩/સી, "ખ" રોડ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તા: ૧૦/૫/૨૦૦૭.

પ્રતિ,
સબ રજીસ્ટ્રારશ્રી,
તમામ...........

વિષય ટોકન આપવા બાબત
સંદર્ભ :(૧) અત્રેનો પરિપત્ર ક્રમાંક વહટ/ફોટો/૨/૦૪/ ૩૧૧૦–૩૧૪૨ તા.૨૮/૩/૨૦૦૫
(૨) અત્રેના પરિપત્ર ક્રમાંક વહટ/ફોટો/૨/૦૪/૧૬૨૨૬–૩૧૮ તા. ૧૪/૧૨/૨૦૦૫
(૩) અત્રેના પરિપત્ર ક્રમાંક વહટ/ફોટો/૧૧(૧)/૦૬/ ૫૩૬૫–૫૪૬૦ તા. ૨૯/૩/૨૦૦૭

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, કોમ્પ્યુટરાઈઝેશન પધ્ધતિથી દસ્તાવેજ નોંધણીની કાર્યવાહી માટે સંદર્ભમાં જણાવેલ અત્રેથી પરિપત્રો પાઠવવામાં આવેલ છે જેમાં પક્ષકારોએ દસ્તાવેજ નોંધાવવા માટે એડવાન્સમાં (એટલે કે, આગળના કામકાજના દિવસ દરમ્યાન) ટોકન નંબર મેળવી લેવાનો રહેશે તેવી સુચનાઓ આપવામાં આવેલ હતી પરંતુ તે વ્યવહારૂ જણાયેલ નથી. જેથી આ પત્રથી સુચના આપવામાં આવે છે કે, " **આગળના કામકાજના દિવસ** " જેના બદલે " **કચેરી કામકાજ શરૂ થતાં** " ટોકનો આપવા અને તે જ દિવસે દસ્તાવેજો નોંધી રજુ કરનાર કે હીત ધરાવનારને તે જ દિવસે પરત કરવાના રહેશે. દસ્તાવેજમાં જણાવેલ પક્ષકારો રૂબરૂ આવે તેવા જ પક્ષકારોને ટોકન નંબર આપવો અને જરૂર જણાયે પક્ષકાર આગળના દિવસે દસ્તાવેજ બતાવી ચકાસણી કરાવી શકશે.

ઉક્ત વ્યવસ્થાનો સબ રજીસ્ટ્રારશ્રીઓએ અમલ કરવા અને સદર સુચનાઓને નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવી.

નાયબ નોંધણી સર નિરીક્ષક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના</u> :–
સંયુક્ત સચિવશ્રી, મહેસુલ વિભાગ, હ–૧ શાખા, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારું.

<u>**નકલ જયભારત સહ રવાના :–**</u>

૧. **કલેકટર–વ–જીલ્લા** સબ રજીસ્ટ્રારશ્રી, તમામ તરફ જાણ સારું.
૨. **નોંધણી નિરીક્ષકશ્રી,** તમામ તરફ જાણ–વ–અમલ સારું.
૩. **અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સશ્રી,** ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારું.
૪. **નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ**ડયુટી મુલ્યાંકનતંત્ર, તમામ તરફ જાણ સારું.
૫. **સ્ટેમ્પ** તથા ઈ.જ.ર.કચેરીની તમામ શાખા તરફ.
૬. સિલેકટ ફાઈલે.